# શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ

## શિષ્યવૃત્તિ ફોર્મનું Status જોવા માટેની સૂચના

☞ આથી ગત વર્ષ 2025-2026ના શિષ્યવૃત્તિ મેળવતા વિદ્યાર્થીઓને જણાવવાનું કે જો કોઇ વિદ્યાર્થીને શિષ્યવૃત્તિનું ફોર્મ ભરેલ છે. પણ શિષ્યવૃત્તિ જમા થયેલ નથી તો તેણે નીચે મુજબની સૂચના વાંચી-સમજીને સૂચના મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

**☞ સૂચના : ૧ : તમે ઑનલાઇન ભરેલ શિષ્યવૃત્તિના ફોર્મની સ્થિતિ વિદ્યાર્થીના લોગીનમાં જોવા મળે છે. તેથી તમારું સ્કોલરશીપનું ફોર્મ કઇ સ્થિતિમાં પેન્ડિંગ છે. તે જાણવા માટે પોતાના ખાતામાં લોગીન કરીને ચેક કરવું જેથી તમારું સ્કોલરશીપનું ફોર્મ કઇ સ્થિતિમાં તેનો ખ્યાલ આવશે**

**☞ સૂચના : ૨** જો ઑનલાઇન ભરેલ શિષ્યવૃત્તિના ફોર્મની **સ્થિતિ (Status)માં Pending to Citizen** જોવા મળે છે તો તેનો અર્થ છે. કે તમારા શિષ્યવૃત્તિના ફોર્મમાં ભૂલ છે અને તે સુધારવા માટે તમને લોગીન કર્યા બાદ **Query Remark** અંતિમ ભાગમાં ભૂલનું કારણ દર્શાવેલ હશે. તો આ માટે તમારે સાયબર કાફેમાં જઇને જરૂરી સુધારા-વધારા કરીને કૉલેજમાં રૂબરૂ શિષ્યવૃત્તિનું ફોર્મની સાથે જરૂરી પુરાવા કૉલેજમાં જમા કરાવવાનું ફરજીયાત છે. જેની તમામ વિદ્યાર્થીઓએ નોધ લેવાની રહેશે.

**☞ સૂચના : 3 :** જો ઑનલાઇન ભરેલ શિષ્યવૃત્તિના ફોર્મની સ્થિતિ **(Status)માં Pending to Principal** જોવા મળે છે તો તેનો અર્થ છે. કે તમારું શિષ્યવૃત્તિનું ફોર્મ કૉલેજમાં પેન્ડિંગ સ્થિતિમાં છે. તો શિષ્યવૃત્તિના ફોર્મની નકલ અને જરૂરી પુરાવા સાથે કૉલેજમાં રૂબરૂ આવી ફોર્મમાં જે પણ ભૂલ તે માટે કોલેજ કાર્યાલય સમય દરમિયાન કૉલેજમાં રૂબરૂ આવી ભૂલ સુધરાવવાની રહેશે.

**☞ સૂચના : 4 :** જો ઑનલાઇન ભરેલ શિષ્યવૃત્તિના ફોર્મની સ્થિતિ **(Status)માં Office / Authority / Higher Authority** જોવા મળે છે. તો તેનો અર્થ છે કે તમારું શિષ્યવૃત્તિનું ફોર્મ કૉલેજમાંથી આગળની સરકારી કચેરીમાં મોકલી દેવામાં આવ્યું છે. તેનો અર્થ કે તમારા શિષ્યવૃત્તિના ફોર્મમાં કોઈ ભૂલ નથી . તો તમારે પોતાના બેંક ખાતામાં તપાસ કરવાની થાય છે.

**આચાર્યશ્રી**